**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**સાતમું સત્ર**
**શુક્રવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક– ૩૯ અને ૪૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૮–૧૯ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ગુજરાત સરકારના સન ૨૦૧૮–૧૯ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૮–૧૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર ક્ષેત્રના ઉપક્રમો) (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૨) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૪) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૫) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૬) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)ના સન ૨૦૧૫–૧૬ થી ૨૦૧૭–૧૮ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૭) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૮) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૯) ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૧૦) ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઈ પાટકર**

(૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૧૨) ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૨૦–૨૧નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વતી કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ**

(૧૩) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૬–૨૦૧૭ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૧૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

(૧) તા.૨૪/૦૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૨૦(૨૦)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨), તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨)તા.૧૭/૦૮/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૨૦–(૫૯)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૫) સન ૨૦૧૬ના અશક્ત વ્યક્તિનો અધિકાર અધિનિયમ અન્વયેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/ છ–૧, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૧૬) સન ૨૦૧૩ના રાષ્ટ્રિય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તા.૨૪/૦૪/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૦/૩/પીડીએસ/૧૦૨૦૨૦/૧૯૮/ક–૧

**માનનીય રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

૩. **સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૧– સન ૨૦૨૦નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ

(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા

(૩) શ્રી અમરિષભાઇ ડેર (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૧૨.૦૦ થી ૧૨.૩૦**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

વિરામ સભ્યશ્રી અમરિષભાઇ ડેરે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રીમતી ઝંખનાબેન પટેલ

(૫) શ્રી બાબુભાઇ વાજા

(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૦નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા

(૨) શ્રી રમણભાઇ પટેલ

(૩) શ્રી સુખરામભાઇ રાઠવા(પ્રવચન અધૂરું)

**૪. સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહનો સમય લંબાવ્યો.

**૫. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

સભ્યશ્રી સુખરામભાઇ રાઠવાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી અરવિંદકુમાર પટેલ

(૫) શ્રી બળદેવજી ઠાકોર

(૬) શ્રી બાબુભાઇ વાજા

(૭) શ્રી નૌશાદ સોલંકી

(૮) શ્રી પ્રતાપ દૂધાત

(૯) શ્રી વલ્લભભાઇ કાકડીયા

(૧૦) શ્રી પુંજાભાઇ વંશ

(૧૧)શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૨૦નું ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૨) શ્રી કીરીટકુમાર પટેલ
(૩) શ્રી રમણભાઇ પટેલ
(૪) શ્રી બાબુભાઇ પટેલ
(૫) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૭) શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી)
(૮) શ્રી શીવાભાઇ ભુરીયા
(૯) શ્રી ઋષિકેશ પટેલ
(૧૦) ડો. અનિલ જોષીયારા
(૧૧) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

૬. **સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના નેતાશ્રીએ આ વિધેયક પરત ખેંચવા કે પ્રવર સમિતિને સોંપવાની માગણી કરી જેનો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અસ્વીકાર કરી કાર્યવાહી આગળ ચલાવવાની રજૂઆત કરી જેને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સમર્થન આપ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહી આગળ ચલાવતાં વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૭. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે ચર્ચા પરનો તેમનો જવાબ પૂરો કર્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨ થી ૨૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક ક્રમાંક–૨૭ની ચર્ચાના જવાબમાં આંશિક સુધારો કરતું ખુલાસાત્મક નિવેદન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તા.૨૩–૯–૨૦૨૦ના રોજ અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક ક્રમાંક–૨૭ની ચર્ચાના જવાબ દરમિયાન કરેલા પ્રવચનમાં અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક મુજબની દરખાસ્ત હેઠળના વિસ્તારો PESA માં સમાવિષ્ટ થયેલ ન હોવાથી તે ચાલુ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેથી ગ્રામ પંચાયતો અંગેના નિર્ણય, વિધેયકની કલમ–૩ અને ૩૧ હેઠળ નોટિફીકેશન કરવાના સમયે કરવામાં આવશે તેવો આંશિક સુધારો કરતું ખુલાસાત્મક ટૂંકું નિવેદન વાંચીને કર્યું.

૯. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૪) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૦નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ર અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ર અને ૩, અનુસૂચિ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૫. માનનીય ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૦નું ગુજરાત કાકવી (નિયંત્રણ)(રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ર, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ર, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)**

**ગુજરાત ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ના વધુ ઝડપી અને અસરકારક અમલીકરણ અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ ભાભોરે નવી ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. જેના અનુસંધાને રાજયનો ઔદ્યોગિક વિકાસ થશે અને રોજગારીનું સર્જન થશે તે બાબતે ચર્ચા વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ વાંચીને રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો.

**૧૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે પર અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૨. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬.૫૬ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ‘‘વંદેમાતરમ્’’ રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**